
# <u>મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના" અંતર્ગત વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ શાળાની વિગત અને બેંક ડીટેલ ભરવા અંગેની વિગતવાર સુચનાઓ</u>


મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનું કામચલાઉ મેરીટ તૈયાર થઇ ગયેલ છે **આ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને વેબસાઇટ http//gssyguj.in પર પ્રવેશ મેળવેલ શાળાની વિગત તેમજ બેંક એકાઉન્ટ સંબંધિત વિગત ભરવા જણાવવામાં આવે છે.**

## <u>ઓનલાઇન વિગત ભરવા માટેની સુચનાઓ (વિદ્યાર્થીઓ માટે)</u>


a) **વિદ્યાર્થીએ http//gssyguj.in વેબસાઇટની લિંક ક્લિક કરી નીચે સ્ક્રીનશોટમાં દર્શાવેલ વિદ્યાર્થી લોગ ઈન પેજમાં ક્લીક કરવાનું રહેશે.**




b) ત્યારબાદ આપને નીચે બતાવેલ સ્ક્રીન જોવા મળશે ત્યાં આપના CTS આઈડી અને અગાઉ જે પાસવર્ડ સેટ કરેલ તે દાખલ કરી લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન થવાથી આપને આપનું અગાઉ ભરેલ ફોર્મ જોવા મળશે.





c) લોગીન થયા બાદ નીચે બતાવેલ સ્ક્રીનશોટ મુજબ ડાબી બાજુમાં આપને શાળા પ્રવેશ અને બેંક ખાતાની વિગત નું ફોર્મ દેખાશે ત્યાં આપે ક્લિક કરવાનું રહેશે.



d) ત્યારબાદ વિદ્યાર્થીએ જો ઠરાવની જોગવાઈ મુજબની સરકારી કે એમ્પેનલ શાળામાં પ્રવેશ મેળવી લીધેલ હોય નીચે બતાવે સ્ક્રીનશોટ મુજબ ડ્રોપ ડાઉન મેનુમાં જઈ Yes સિલેક્ટ કરવાનું રહેશે.




e) જો વિધાર્થી યોજના નો લાભ લેવા માંગતો ના હોય તો તેને સ્ક્રીનશોટ મુજબ ડ્રોપ ડાઉન મેનુમાં જઈ No સિલેક્ટ કરવાનું રહેશે ત્યારે નીચે મુજબ મેસેજ આવશે તેમાં OK બટન ક્લિક કર્યા બાદ ફોર્મ સબમિટ કરવાનું રહેશે જેથી વિધાર્થીએ બાહેધરી આપેલી ગણાશે કે તે યોજનાનો લાભ લેવા ઈચ્છુક નથી .




f) ત્યારબાદ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ હોય તે શાળાની વિગત ભરવાની રહેશે. (જેમાં ઠરાવની જોગવાઈ મુજબ વિદ્યાર્થીને રાજ્યની એમ્પેનલ થયેલ ગ્રાન્ટેડ/સેલ્ફ ફાઈનાન્સ અથવા રાજ્યની તમામ સરકારી શાળાનું લિસ્ટ દેખાશે .(ઠરાવની જોગવાઈ સિવાયની શાળાની વિગત આપને સોફ્ટવેરમાં પસંદગીમાં દેખાશે નહિ.)

i) જો વિદ્યાર્થીને પ્રવેશ લીધેલ શાળાનો યુ-ડાયસ કોડ ખબર હશે તો વિદ્યાર્થી તેના પરથી શાળાની તમામ વિગત આપો આપ સિસ્ટમમાં આવી જશે.

ii) જો વિદ્યાર્થીને પ્રવેશ લીધેલ શાળાનો યુ-ડાયસ કોડ ની જાણ ન હોય તો વિદ્યાર્થી પ્રવેશ મેળવેલ શાળાના જીલ્લા,તાલુકા ના આધારે તે શાળા સર્ચ કરી તે શાળાની મેળવી શકશે.

iii) <u>ફક્ત અનુદાનિત શાળાના કિસ્સામાં:-</u> જે વિદ્યાર્થીએ ધોરણ - ૮ માં જે અનુદાનિત શાળામાં અભ્યાસ કર્યો હોય અને તે શાળમાં ધોરણ ૯-૧૦ સુધી અનુદાનિત વિભાગ હોય તેમજ વિદ્યાર્થી તેજ શાળામાં અભ્યાસ કરવા માંગતો હોય તો તે વિદ્યાર્થીને મેરીટ માં આવેલ હોય તો વિધાર્થીને પણ યોજનાનો લાભ મળી શકશે.


Student Name | Rutik Shaileshbhai Gamit

| | | | |
|---|---|---|---|
| આપે ઠરાવની જોગવાઈ મુજબની સરકારી કે એમ્પેનલ થયેલી શાળામાં પ્રવેશ લીધેલ છે ? | Yes | | |

**વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ શાળા ની વિગત**

| | | | |
|---|---|---|---|
| School UDISE Code* | 24071004003 | | |
| School Type* | Dept. Of education | જો તમે ડાયસકોડ યાદ નથી તો અહિયા થી સ્કૂલ પસંદ કરો | |
| School Name | GOVERMENT SECONDRAY SCHOOL | School Address | NANODARA TA BAVLA DIST AHMEDABAD |
| District | AHMEDABAD | Block | BAVLA |

**Bank Details**

| | | | |
|---|---|---|---|
| IFSC Code* | | | |
| Bank Name * | | Bank Address * | |
| Account Number* | | Confirm Account Number* | |
| Account Holder Name (As Per Bank Passbook)* | | બેંક એકાઉન્ટ ધારક નું વિદ્યાર્થી જોડે સંબંધ* | Please Select |

g) શાળાની પ્રવેશ વિગત ભર્યા બાદ વિદ્યાર્થી દ્વારા પોતાના બેંક એકાઉન્ટ સંબંધિત વિગત નીચે સ્ક્રીનશોટમાં દર્શાવેલ જગ્યાએ જઈ ભરવાની રહેશે.

i) વિદ્યાર્થીએ સૌ પ્રથમ જે બેંક એકાઉન્ટ તેની પાસે ઉપલબ્ધ છે (બેંક એકાઉન્ટ ધારકનો વિદ્યાર્થી જોડે સંબંધ) તેને ડ્રોપડાઉનમાંથી સિલેક્ટ કરવાનું રહેશે.

ii) તેમાં વિદ્યાર્થીને ૪ ઓપ્શન જોવા મળશે ૧) વિદ્યાર્થીનું પોતાનું બેંક એકાઉન્ટ ૨) વિદ્યાર્થીના પિતાનું બેંક એકાઉન્ટ ૩) વિદ્યાર્થીના માતાનું બેંક એકાઉન્ટ ૪) વિદ્યાર્થીના પાલક પિતાનું બેંક એકાઉન્ટ (વિદ્યાર્થીનું પોતાનું બેંક એકાઉન્ટ ન હોવાના કિસ્સામાં તેમજ વિદ્યાર્થીના માતા અને પિતા હયાત ન હોવાના કિસ્સામાં આ સિલેક્ટ કરવું.)


iii) ત્યારબાદ વિદ્યાર્થીએ IFSC કોડ ટેક્ષ્ટ બોક્ષમાં પાસબુક/ કેન્સલ ચેકમાં રહેલ બેંકનો IFSC કોડ ટાઇપ કરવાનો રહેશે.

iv) IFSC કોડ ટાઇપ કરવાથી બેંક નું નામ અને શાખાનું નામ આપો આપ આવી જશે.

v) ત્યારબાદ વિદ્યાર્થીએ પાસબુક/ કેન્સલ ચેકમાં રહેલ ખાતા ધારકનું નામ પાસબુક/ કેન્સલ ચેક મુજબનું જ નામ ટાઇપ કરવાનું રહેશે.

vi) ત્યારબાદ વિદ્યાર્થીએ પાસબુક/ કેન્સલ ચેકમાં રહેલ બેંક એકાઉન્ટ નંબર ૨(બે) વખત (Account Number, Confirm Account Number બન્નેમાં સરખો નંબર લખવો) માં ટાઇપ કરવાનો રહેશે.

vii) ખાતા ધારકનું નામ અને બેંક એકાઉન્ટ નંબર ખાસ ચોકસાઈ પૂર્વક દાખલ કરવાની રહેશે




h) બેંક વિગત ભરાઈ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે.

i) ત્યારબાદ વિદ્યાર્થીએ જેની બેંક ડીટેલ ઉપર ભરી છે તે બેંક એકાઉન્ટની પાસબુક નું પ્રથમ પેજ (જેમાં બેંક એકાઉન્ટ નંબર,IFSC કોડ તેમજ અન્ય વિગત ઉપલબ્ધ હોય છે)/કેન્સલ ચેકની સ્પષ્ટ વંચાય તેવી નકલ અપલોડ કરવાની રહેશે.

j) શાળા પ્રવેશ પ્રમાણપત્ર જગ્યાએથી ડાઉનલોડ કરી આપે શાળા પાસેથી ભરાવવાનું રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ શાળા પાસેથી ભરાવેલ પ્રવેશ પ્રમાણપત્ર અત્રે બતાવેલ જગ્યાએ અપલોડ કરવાનું રહેશે.

k) બેંક એકાઉન્ટ જો વિદ્યાર્થીના પાલક માતા/પિતા હોવાના કિસ્સામાં પાલક માતા/પિતા હોવાનું બાંહેધરી પત્રક અપલોડ કરવાનું રહેશે.

l) ઉક્ત તમામ વિગત ભરાઈ ગયા બાદ વિદ્યાર્થીએ ફોર્મ સબમીટ કરવાનું રહેશે.




**ખાસ સુચના:**

**૧) <u>ફક્ત અનુદાનિત શાળાના કિસ્સામાં</u> :- જે વિદ્યાર્થીએ ધોરણ - ૮ માં જે અનુદાનિત શાળામાં અભ્યાસ કર્યો હોય અને તે શાળમાં ધોરણ ૯-૧૦ સુધી અનુદાનિત વિભાગ હોય તેમજ વિદ્યાર્થી તેજ શાળામાં અભ્યાસ કરવા માંગતો હોય તો તે વિદ્યાર્થીને મેરીટ માં આવેલ હોય તો વિધાર્થીને પણ યોજનાનો લાભ મળી શકશે.**

**૨)વિદ્યાર્થી/વાલીને ઉપરની કોઈ પણ બાબતે મુજવણ હોય કોઈ સ્પષ્ટતા કે કોઈ ટેકનીકલ મુશ્કેલી જણાય તો સંબંધિત જિલ્લાના Helpdesk નંબર પર કે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીમાં રૂબરૂમાં સંપર્ક કરવો.**

- **જીલ્લાના હેલ્પલાઇન કોન્ટેક્ટ નંબરની લીંક નીચે મુજબ છે:**

**https://gssyguj.in/assets/Documents/HelpdeskDetail.pdf**